# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.


G20 भारत 2023 INDIA

નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૪૪૩૭ તા.૧૧/૦૭/૨૦૨૩

પરિપત્ર- ૩૨૦૩

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે ઉન્ન્ત ભારત અભિયાન શિક્ષણ મંત્રાલય, ભારત સરકારનો એક રાષ્ટ્રીય કાર્યક્રમ છે. જેમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા પોતાની આસપાસનાં પાંચ જરૂરિયાતમંદ ગામોને દત્તક લઈને પોતાના શિક્ષક અને વિદ્યાર્થીગણ સાથે જરૂરી ગ્રામ સર્વે કરીને પોતાના જ્ઞાન, કૌશલ્ય અને અનુભવના આધારે ટકાઉ ગ્રામ વિકાસની પ્રક્રિયામાં એક પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ તરીકે ગ્રામીણ વિકાસના કાર્યોમાં સહભાગી સંસ્થા બને છે. ઉન્ન્ત ભારત અભિયાનમાં આઈ.આઈ.ટી, દિલ્હીએ નેશનલ કોર્ડિનેટિંગ ઇન્સ્ટિટ્યૂટ છે. સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (એસ.વી.એન.આઈ.ટી, સુરત)એ ગુજરાત રાજ્યમાં એક રિજિયોનલ કૉઓર્ડિનેટિંગ સંસ્થા છે. જે આણંદ, અરવલ્લી, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ખેડા, મહીસાગર, નર્મદા, નવસારી, પંચમહાલ, સુરત, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લાઓ અને બે કેન્દ્રશાસિત પ્રદેશો દીવ અને દમણમાં સમાવેશી બધી જ પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટને માર્ગદર્શન અને સહયોગ કરે છે.

જે અન્વયે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ દ્વારા ઉન્નત ભારત અભિયાનમાં પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ બનાવવા માટે તા.૨૧મી જુલાઈ, ૨૦૨૩ના રોજ એક રૂબરૂ માર્ગદર્શન કાર્યશાળાનું આયોજન કરેલ છે. જે કાર્યશાળામાં ભાગ લેવા માટે આપની સંસ્થા/કોલેજના એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર સિવાયના ઓછામાં ઓછા એક શિક્ષક/ફેકલ્ટી કે જે સરકારશ્રીના ગ્રામીણ વિકાસના કાર્યક્રમ ઉન્ન્ત ભારત અભિયાનમાં કૉઓર્ડીનેટર બનાવામાં રસ ધરાવતા હોય તેમને નિયુક્તિ કરી ઉપરોક્ત વિષયમાં અંકિત માર્ગદર્શન કાર્યશાળામાં ભાગ લેવા માટે ગુગલ રજીસ્ટ્રેશન ફોર્મ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવા માટે હાર્દિક આમંત્રણ છે. કાર્યક્રમની રૂપરેખા આ સાથે જોડેલ છે અન્ય માર્ગદર્શન માટે કાર્યશાળા કૉઓર્ડીનેટરશ્રી, ડૉ. અજય સોની, ૯૮૨૫૦૪૮૫૫૩નો સંપર્ક કરવાનો રહેશે.

ગુગલ ફોર્મ લિંક- https://forms.gle/HtJYwRzKtZaiP6bE6

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

ઉન્નત ભારત અભિયાન

શિક્ષીત ભારત - સ્વસ્થ ભારત - સ્વચ્છ ભારત - સ્વાવલંબી ભારત - સંપ્પન ભારત

જ્ઞાન, અનુભવ અને સંસાધનોનું સંકલન ગ્રામીણ વિકાસ માટે

# ઉન્નત ભારત અભિયાન માં જોડાવા માટે માર્ગદર્શન કાર્યશાળા

તારીખ: ૨૧મી જુલાઈ, ૨૦૨૩ (શુક્રવાર)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, ગોધરા, ગુજરાત



ઓર્ગેનિક ખેતી



જળ પ્રબંધન



કારીગરી, આજીવિકા અને ઉદ્યોગ



મૂળભૂત સુવિધાઓ



રિન્યુવેબલ એનેર્જી

:: આયોજક

રિજિયોનલ કોર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ - ઉન્નત ભારત અભિયાન

સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, સુરત, ગુજરાત